**<u>અગત્યનું</u>**

**ક્રમાંક : હ-૧/અડટ/જીઆઈએ/૨૦૨૩/૧૨૯૪-૧૩૩૦**

**કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,**
**બ્લોક નં ૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન,**
**ગુ.રા., ગાંધીનગર**
**તા.૨૨/૦૯/૨૦૨૩**

**વિષય : અનિયમિત બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને આપવામાં આવતુ અનુદાન અટકાવવા બાબત.**

**<u>પરિપત્ર ::</u>**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત વિધાનસભા અંદાજ સમિતિની બેઠકમાં શિક્ષણ વિભાગના સાહિત્ય તપાસના ભાગરૂપે માંગવામાં આવેલી વધારાની માહિતી અન્વયે અત્રે સંકલિત થયેલ વિગતો ધ્યાને લેતા ઘણી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને આપવામાં આવતા પગાર / નિભાવ અનુદાન અન્વયે નિયમિતપણે ગ્રાન્ટ એસેસમેન્ટ અને ખાતાકીય હિસાબી ઓડીટ ન કરાવતા, ગ્રાન્ટ ઇન એઇડ કોડ – ૧૯૬૪ ની જોગવાઈ ૯૦.૨ નું ઉલ્લંઘન કરતી હોવા છતાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને મળેલ સત્તાનો ઉપયોગ કરીને આવી શાળાઓ સામે જરૂરી કાર્યવાહી કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવતી હોવાથી સરકારશ્રીની જોગવાઈઓ/નિયમસંગ્રહનું અનુપાલન કરતી શાળાઓ પણ અનિયમિતતા દાખવવા પ્રેરિત થતી હોવાનું અત્રેની કચેરીના ધ્યાન પર આવેલ છે. જે વહીવટી દ્રષ્ટિએ ઉચિત જણાતું નથી. આ સબંધમાં ગ્રાન્ટ ઇન એઇડ કોડ – ૧૯૬૪ ની જોગવાઈઓ અંગે આપનું પુનઃ લક્ષ દોરવામાં આવે છે અને અનિયમિતતા દાખવતી બિનસરકારી અનુદાનિત શાળાઓ સામે આપની કક્ષાએથી પ્રાવર્તમાન નિયમોનુસાર કાર્યવાહી કરવા તથા નીચે મુજબની સૂચનાઓ અનુસરીને જરૂરી પગલાઓ લેવા તાકીદ કરવામાં આવે છે.

**<u>સુચનાઓ ::</u>**

(૧) દર વર્ષે જુન માસના અંત સુધીમાં જે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આગલા વર્ષના ઓડીટ સ્ટેટમેન્ટ રજુ ન કરે તો તેવી શાળાઓને નિભાવગ્રાન્ટનો બીજો, ત્રીજો હપ્તો ચૂકવવો નહિ અને સીધી પગાર યોજના હેઠળ અપાતી પગારભથ્થાની ગ્રાન્ટ અટકાવવી. તેમજ પગારભથ્થાની ગ્રાન્ટ અટકાવ્યેથી શાળાના કર્મચારીશ્રીઓને નિયમિતપણે પગારભથ્થા ચુકવવાની જવાબદારી સબંધિત સંચાલક મંડળની રહેશે એ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરી સંચાલકમંડળને તાકીદ કરવાની રહેશે.

(૨) ફી વિકલ્પ ધરાવતી શાળાઓએ આગલા વર્ષના ઓડીટ સ્ટેટમેન્ટ જૂન માસના અંત સુધીમાં રજુ કર્યેથી તેની ચકાસણી કરી સરકારશ્રી દ્વારા નિયત કરેલ ફી કરતા વધુ ફી ઉઘરાવેલ હોય તેવા સંજોગોમાં શાળા આવી વધારાની ફી ની રકમ સરકારશ્રીમાં જમા ન કરાવે ત્યાં સુધી સીધો પગાર યોજના હેઠળ આપવાની થતી પગારભથ્થાની ગ્રાન્ટ અટકાવવી. તેમજ પગારભથ્થાની ગ્રાન્ટ અટકાવ્યેથી શાળાના કર્મચારીશ્રીઓને

નિયમિતપણે પગારભથ્થા ચુકવવાની જવાબદારી સબંધિત સંચાલક મંડળની રહેશે એ બાબ ઉલ્લેખ કરી સંચાલકમંડળને તાકીદ કરવાની રહેશે.

(૩) આપના જિલ્લાનું છેલ્લું ખાતાકીય હિસાબી ઓડીટ પૂર્ણ થયેલ હોય તે વર્ષ સુધી **ફક્ત એક** નાણાકીય વર્ષનું ગ્રાન્ટ એસેસમેન્ટ/ ખાતાકીય હિસાબી ઓડીટ ન કરાવનાર બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સુનાવણી યોજી, વાજબી કારણોની ચકાસણીના અંતે શાળા સંચાલકમંડળને યોગ્ય તાકીદ કરી નિભાવ અનુદાનમાં ઓછામાં ઓછા ૧૦% થી વધુમાં વધુ ૨૫% સુધીનો ગ્રાન્ટકાપ આપવાનો રહેશે તથા આવી શાળાઓનું તે એક વર્ષનું ગ્રાન્ટ એસેસમેન્ટ અને ખાતાકીય હિસાબી ઓડીટ તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરાવી લેવા સંચાલક મંડળને તાકીદ કરવાની રહેશે. તેમજ સદર શાળાનું ગ્રાન્ટ એસેસમેન્ટ પૂર્ણ થયે, ખાતાકીય હિસાબી ઓડીટ માટે "સંયુકત નિયામક (હિસાબ), નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર" ને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે લેખિત અરજી કરી ઓડીટપાર્ટીનો સમય મેળવી લેવાનો રહેશે. આવી શાળાઓને તારીખ અને સમયની ફાળવણી કર્યેથી શાળાના જવાબદાર કર્મચારીશ્રીએ જરૂરી રેકર્ડ સાથે સ્વખર્ચે ગાંધીનગર સ્થિત કચેરીએ ઉપસ્થિત રહી ખાતાકીય હિસાબી ઓડીટ પૂર્ણ કરાવી લેવાનું રહેશે. વધુમાં અધૂરા રેકર્ડ સાથે આવનાર શાળાઓનું ખાતાકીય હિસાબી ઓડીટ હાથ ધરવામાં નહિ આવે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સંચાલક મંડળની રહેશે, એ બાબતે સબંધિતોને અચૂક જાણ કરવાની રહેશે.

(૪) આપના જિલ્લાનું છેલ્લું ખાતાકીય હિસાબી ઓડીટ પૂર્ણ થયેલ હોય તે વર્ષ સુધી **બે કે તેથી વધુ** નાણાકીય વર્ષનું ગ્રાન્ટ એસેસમેન્ટ/ ખાતાકીય હિસાબી ઓડીટ ન કરાવનાર બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સુનાવણી યોજી, વાજબી કારણોની ચકાસણીના અંતે શાળા સંચાલકમંડળને યોગ્ય તાકીદ કરી નિભાવ અનુદાનમાં ઓછામાં ઓછા ૨૫% થી વધુમાં વધુ ૧૦૦% સુધીનો ગ્રાન્ટકાપ આપવાનો રહેશે, પરંતુ આવો નિર્ણય કરતા પહેલા નિયામકશ્રી, શાળાઓની કચેરીની પૂર્વમંજુરી મેળવી લેવાની રહેશે અને આવી શાળાઓનું બાકી તમામ વર્ષનું ગ્રાન્ટ એસેસમેન્ટ અને ખાતાકીય હિસાબી ઓડીટ તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરાવી લેવા સંચાલક મંડળને તાકીદ કરવાની રહેશે. તેમજ સદર શાળાના બાકી વર્ષોના ગ્રાન્ટ એસેસમેન્ટની કામગીરી જિલ્લા કક્ષાએ પૂર્ણ થયે, ખાતાકીય હિસાબી ઓડીટ માટે "સંયુકત નિયામક (હિસાબ), નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર" ને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે લેખિત અરજી કરી ઓડીટપાર્ટીનો સમય મેળવી લેવાનો રહેશે. આવી શાળાઓને તારીખ અને સમયની ફાળવણી કર્યેથી શાળાના જવાબદાર કર્મચારીશ્રીએ જરૂરી રેકર્ડ સાથે સ્વખર્ચે ગાંધીનગર સ્થિત કચેરીએ ઉપસ્થિત રહી ખાતાકીય હિસાબી ઓડીટ પૂર્ણ કરાવી લેવાનું રહેશે. વધુમાં અધૂરા રેકર્ડ સાથે આવનાર શાળાઓનું ખાતાકીય હિસાબી ઓડીટ હાથ ધરવામાં નહિ આવે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સંચાલક મંડળની રહેશે, એ બાબતે સબંધિતોને અચૂક જાણ કરવાની રહેશે.

(૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ ગ્રાન્ટકાપના નિર્ણયથી શાળાઓના સંચાલક મંડળ સંમત ન હોય/નારાજ હોય તેવા કિસ્સામાં ૩૦ દિવસની અંદર "સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક), નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર" ને સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે અપીલ કરી શકશે. જેનો ઉલ્લેખ સુનાવણી હુકમમાં અચૂક કરવાનો રહેશે. તેમજ સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક) એ અપીલ મળ્યાના વધુમાં વધુ ત્રણ માસની અંદર નિર્ણય લઇ બન્ને પક્ષોને રજીસ્ટર્ડ પહોંચ - ટપાલથી જણાવવો જોઇશે.

(૬) ફી વિકલ્પ સિવાયની શાળાઓ માટે ખાતાકીય હિસાબી ઓડીટના અંતે બાકી રહેતી વસુલાતની રકમ તે શાળાને તે પછીના નાણાકીય વર્ષમાં મળવાપાત્ર નિભાવ અનુદાનમાં અચૂકપણે સરભર કર્યા બાદ જ બાકી અનુદાન ચૂકવવાનું રહેશે, તેમજ જો બાકી વસુલાતની રકમ તે શાળાને મળવાપાત્ર નિભાવ અનુદાન કરતા વધુ હોય તેવા સંજોગોમાં આવી શાળાઓની બાકી વસુલાતની રકમ ચલણથી નીચે દર્શાવેલ સદરે સરકારશ્રીમાં જમા કરાવવા સુચના આપવાની રહેશે, તથા આવી ભરપાઈ કર્યાનું ચલણ રજુ થયેથી સબંધિત તિજોરી કચેરીમાં તે ચલણનું વેરિફિકેશન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ કરાવી લેવાનું રહેશે.

૦૨૦૨ - શિક્ષણ, ખેલકૂદ, કલા અને સંસ્કૃતિ

૦૧ - સામાન્ય શિક્ષણ

૧૦૨ - માધ્યમિક શિક્ષણ

૦૩(૧) - અન્ય પ્રાપ્તિ (અધિક ચુકવણીની વસુલાત)

નિભાવ અનુદાન કરતા વધુ વસુલાતની રકમ સબંધિત શાળામંડળ જે તે નાણાકીય વર્ષમાં ભરપાઈ ન કરે તો તેમને આપવામાં આવતા પગાર અનુદાનની રકમ અટકાવવાની રહેશે. તેમજ પગારભથ્થાની ગ્રાન્ટ અટકાવ્યેથી શાળાના કર્મચારીશ્રીઓને નિયમિતપણે પગારભથ્થા ચુકવવાની જવાબદારી સબંધિત સંચાલક મંડળની રહેશે એ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરી સંચાલકમંડળને તાકીદ કરવાની રહેશે.

(૭) ફી વિકલ્પ ધરાવતી શાળાઓની બાકી વસુલાતની રકમ ચલણથી સરકારશ્રીમાં જમા કરાવવા સુચના આપવાની રહેશે, તથા આવી ભરપાઈ કર્યાનું ચલણ રજુ થયેથી સબંધિત તિજોરી કચેરીમાં તે ચલણનું વેરિફિકેશન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ કરાવી લેવાનું રહેશે. જો ફી વિકલ્પ ધરાવતી શાળાઓ જે તે નાણાકીય વર્ષમાં બાકી વસુલાત ભરપાઈ ન કરે તો તેમને આપવામાં આવતા પગાર અનુદાનની રકમ અટકાવવાની રહેશે. તેમજ પગારભથ્થાની ગ્રાન્ટ અટકાવ્યેથી શાળાના કર્મચારીશ્રીઓને નિયમિતપણે પગારભથ્થા ચુકવવાની જવાબદારી સબંધિત સંચાલક મંડળની રહેશે એ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરી સંચાલકમંડળને તાકીદ કરવાની રહેશે.

(૮) જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ દ્વારા રજુ થયેલ અનિયમિત શાળાઓની યાદી આ સાથે સામે મોકલી આપવામાં આવે છે, તે ઉપરાંત ગ્રાન્ટ એસેસમેન્ટ/ ખાતાકીય હિસાબી ઓડિટમાં અનિયમિત તેવી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ બાકી રહી જતી હોઈ તો તે તમામ શાળાઓને આવરી લઇ આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. આ તમામ અનિયમિત શાળાઓની સુનાવણીની કાર્યવાહી એક માસમાં પૂર્ણ કરી વિધિવત હુકમો કરવાના રહેશે તથા તેની એક નકલ "સંયુકત નિયામક (હિસાબ), નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર" ને મોકલી આપવાની રહેશે.

(૯) જે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ બંધ થયેલ હોઈ અને તેઓના ગ્રાન્ટ એસેસમેન્ટ/ખાતાકીય હિસાબી ઓડીટ અથવા વસુલાત બાકી હોય તેવા સંચાલક મંડળને તાકીદ કરી બાકી ગ્રાન્ટ એસેસમેન્ટ/ ખાતાકીય હિસાબી ઓડીટ / બાકી વસુલાત તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરાવી/ ભરપાઈ કરવા સુચના પાઠવવાની રહેશે તથા સમયમર્યાદામાં જે સંચાલક મંડળો ગ્રાન્ટ એસેસમેન્ટ/ ખાતાકીય હિસાબી ઓડીટની કામગીરી પૂર્ણ ન કરાવે અથવા બાકી વસુલાત ભરપાઈ ન કરે તેવા સંજોગોમાં સબંધિત સંયુકત ચેરીટી કમિશ્નરની કચેરી સાથે સંકલન કરી આવા ટ્રસ્ટ/મંડળ સામે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

**બિડાણ :: ઉપર મુજબ**

**નિયામક**
**શાળાઓની કચેરી**
**ગાંધીનગર**
22/9/2023

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**તમામ**

**નકલ રવાના (અમલવારી અર્થે)::**
(૧) સંયુકત નિયામક (હિસાબ), નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર
(૨) સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક), નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર

**નકલ સવિનય રવાના ::**
ચેરીટી કમિશ્નરશ્રી,
બહુમાળી ભવન – ૨, ત્રીજોમાળ,
ગુરૂકુળ પાસે ડ્રાઈવ-ઇન રોડ,
વસ્ત્રાપુર, અમદાવાદ
**(મુદ્દા નં – ૯ પરત્વે આપના હસ્તકની ક્ષેત્રીય કચેરીઓને જરૂરી સહકાર આપવા અંગેની સુચના પાઠવવા વિનંતી)**